મહેસાણા, અમદાવાદ, ગાંધીનગર, સુરત, પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લીમાં બહોળો ફેલાવો ધરાવતું એકમાત્ર નિષ્પક્ષ અખબાર

સત્ય એના પૂર્ણ સ્વરૂપમાં...

# ગરવી તાકાત

GARVI TAKAT DAILY દૈનિક

G NEWS ગરવી તાકાત LIVE

૧૬-૦૫-૨૦૨૫
શુક્રવાર

વર્ષ : ૧૧ ★ અંક નં : ૩૨
પેજ : ૪ ★ વિક્રમ સંવત : ૨૦૮૧

તંત્રી : પ્રકાશ આર.ચૌધરી

ગરવી તાકાત
હવે આંગળીના ટેરવે
તમારા ગામ કે શહેરના સમાચાર વાંચો વેબ પોર્ટલ ઉપર આંગળીના ટેરવે
Garvitakat.com
લિંક પર કલીક કરો અને તમારા ગામના કે શહેરના લેટેસ્ટ સમાચાર તથા ઈ-પેપર તમારા મોબાઈલમાં વાંચો
Garvi Takat. com

કાર્યાલય : ૯,અંબિકા કોમ્પ્લેક્ષ, ટી.બી. રોડ, ભમરિયાનાળા પાસે, મહેસાણા-૨ ● ફોન : ૦૨૭૬૨ ૨૪૨૨૦૧ ● મો : ૯૨૨૭૧ ૧૩૫૫૫ ● કિંમત રૂા.૩-૦૦ ● Email : garvitakat1511@gmail.com ● www : garvitakat.com •• RNI No. GUJGUJ/2015/61367

## ઈમાનદાર અધિકારીની છાપ ધરાવતા હસમુખ પટેલ ચોક્કસ જ્ઞાતિના લોકોને પરીક્ષામાં સાફ કરી નાંખતા હોવાનો લેટર બોમ્બ ફૂટ્યો

# જીપીએસસીના વડા હસમુખ પટેલની ઈમાનદારી ઉપર વાર કરાયા

# અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરિભાઈ ચૌધરીએ કર્યો પ્રહાર

## GPSCના મૌખિક ઇન્ટરવ્યુમાં ભેદભાવ?, ભાજપ નેતા હરીભાઈ ચૌધરીનો લેટરબોંબ

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

ગુજરાત જાહેર સેવા આયોગ (GPSC)ના મૌખિક ઈન્ટરવ્યુ પર ગંભીર આરોપો લાગ્યા છે. સત્તાધારી પાર્ટી ભાજપના નેતા અને માણસાના પૂર્વ ધારાસભ્ય તેમજ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરીએ GPSCના ઈન્ટરવ્યુમાં ચોક્કસ સમાજના ઉમેદવારોને આયોજનપૂર્વક ઓછા ગુણ આપવામાં આવ્યા હોવાનો ચોંકાવનારા આક્ષેપો કર્યા છે.


હરીભાઈ ચૌધરીના દાવા પ્રમાણે GPSCની ઈન્ટરવ્યુ પ્રક્રિયા પારદર્શક નથી. લેખિત પરીક્ષામાં ટોચના ગુણ લાવનાર ઉમેદવારોને મૌખિક ઈન્ટરવ્યુમાં માત્ર ૨૦થી ૨૫ ગુણ આપીને નાપાસ કરવામાં આવે છે. જયારે જનરલ કેટેગરીના ઉમેદવારો લેખિત પરીક્ષામાં ઓછા ગુણ ધરાવતા હોવા છતાં તેવા વધારે ગુણ આપીને પાસ કરાવવામાં આવી રહ્યા છે.

## કોણ છે હરીભાઈ ચૌધરી ? આવો જાણીએ



હરીભાઈ ચૌધરી હાલમાં ભાજપના નેતા છે. વર્ષ ૧૯૯૮માં માણસા બેઠક પર રાજપામાંથી ચૂંટણી લડ્યા હતા. વર્ષ ૨૦૦૨માં માણસા બેઠક પર કોંગ્રેસમાંથી ચૂંટણી લડ્યા હતા. તેમના પુત્ર અમિત ચૌધરી માણસાના પૂર્વ ધારાસભ્ય છે. શેઠના હુલામણા નામથી પ્રખ્યાત હરીભાઈ ચૌધરીની સમાજમાં દાનવીર તરીકે છાપ છે. હાલમાં તેઓ અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ અને અખિલ ભારતીય આંજણા સમાજના પૂર્વ પ્રમુખ છે. હરીભાઈ ચૌધરીએ આંજણા ચૌધરી સમાજને OBCમાં સમાવવા લડત ચલાવતાં વર્ષ ૧૯૯૫માં ચૌધરી સમાજનો OBCમાં સમાવેશ કરાયો હતો.

## અખિલ આંજણા કેળવણી મંડળના પ્રમુખ હરીભાઈ ચૌધરીએ મુખ્યમંત્રીને લખ્યો લેટર



SHREE AKHIL ANJANA KELAVNI MANDAL
Reg. No. E-135 Gandhinagar
Opp. S. T. Depot Sector-7, Gandhinagar- 382007

Haribhai V. Chaudhari
President
Mo. 98790 55655

Madhubhai K. Chaudhary
General Secretary
Mo. 98251 43203

## GPSCના મૌખિક ઇન્ટરવ્યુ મુદ્દે સવાલ ઉઠાવી ભાજપના ધારાસભ્યો સાથે લડતની આપી ચીમકી

## લેખિતમાં ૪૨૬ ગુણ, ઇન્ટરવ્યુમાં માત્ર ૨૬!

હરિભાઇ ચૌધરીએ ઉલ્લેખ કર્યો કે, ચૌધરી સમાજના એક ઉમેદવારે GPSCની મુખ્ય પરીક્ષામાં ૪૨૬ ગુણ મેળવ્યા હતા. તેમ છતાં તેને ઇન્ટરવ્યુમાં માત્ર ૨૬ ગુણ આપીને નાપાસ કરવામાં આવ્યો હતો. ગંભીર બાબત તો એ છે કે આ ઉમેદવારે UPSC જેવી પ્રતિષ્ઠિત પરીક્ષા તાજેતરમાં પાસ કરી છે. આ ઉમેદવારનું ઉદાહરણ આપીને હરીભાઈ ચૌધરીએ 'સરકારને શરમ આવવી જોઈએ,' તેમ કડક શબ્દોમાં જણાવ્યું છે.

## આંકડા પણ ચોંકાવનારા છે

GPSCના પહેલાંના સમયગાળા (હસમુખ પટેલના આગમન પહેલા) દરમિયાન ૩૪૦૦ માંથી માત્ર ૧૧ ઉમેદવારોને મૌખિક ઈન્ટરવ્યુમાં ૨૫થી ઓછા ગુણ મળ્યા હતા. જ્યારે વર્તમાન ચેરમેન હસમુખ પટેલના કાર્યકાળ દરમિયાન ૭૦૦ ઉમેદવારોમાંથી ૧૩૬ ઉમેદવારોને ૨૫ થી ઓછા ગુણ મળ્યા છે. ચોંકાવનારી બાબત તો એ છે કે, ઈમ્ઝ અને જનરલ કેટેગરીના ઉમેદવારોના ઓછા લેખિત ગુણ ધરાવનારા ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં ૭૦ થી વધુ ગુણ મળ્યા છે. હરીભાઈ ચૌધરીએ જણાવ્યુ કે, લેખિત પરીક્ષામાં ૪૦૦ ઉપર માર્ક્સ મેળવનાર ૧૦થી વધુ ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં ૫૦થી ઓછા માર્ક્સ આપવામાં આવ્યા છે. પોલીસ પરીક્ષાઓમાં પણ દોડના જે ૫૦ માર્ક મળતા હતા તે ઝીરો કરી દીધા છે. આના કારણે અમારા બાળકો જે દોડમાં સારા માર્ક્સ લાવતા હતા. તેઓ પાછળ રહી ગયા છે. બીજી તરફ EBC વર્ગના ૪૦૦થી ઓછા માર્ક્સ લાવનારા અનેક ઉમેદવારોને ઇન્ટરવ્યુમાં ૭૦થી વધારે માર્ક્સ આપવામાં આવ્યા છે. તેવી જ રીતે જનરલ કેટેગરીના વિદ્યાર્થીઓને પણ મૌખિક ઇન્ટરવ્યુમાં સારા માર્ક્સ આપવામાં આવ્યા હતા.

## 'આ પરિણામ ભેદભાવ દર્શાવે છે' – હરિભાઈ ચૌધરી

હરીભાઈ ચૌધરીએ જણાવ્યુ કે, 'હું કોઇ જ્ઞાતિ વિરોધી નથી. પણ ચોક્કસ જાતિના ઉમેદવારોને મૌખિક ઇન્ટરવ્યુમાં ઓછા ગુણ અપાય તો એ પ્રશ્ન છે. હસમુખ પટેલની ઇમેજ સારી છે. તેઓ સાચા ઓફિસર છે. પણ તેમના કાર્યકાળમાં આવો અન્યાય થાય તે યોગ્ય નથી.'

## હરીભાઈ ચૌધરીના પત્રને ૧૦ દિવસ થવા છતાં સરકાર શાંત

હરિભાઇ ચૌધરીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને ૫ મે ૨૦૨૫ના રોજ પત્ર લખ્યો છે. તેમ છતાં હજી સુધી કોઇ સત્તાવાર પ્રતિસાદ મળ્યો નથી. તેથી હરીભાઈ ચૌધરીએ ભાજપ સરકારને ચીમકી આપતાં કહ્યું છે કે, 'ભાજપના કેટલાક ધારાસભ્યો અમારી સાથે છે. સરકાર યોગ્ય પગલું નહીં ભરે તો અમે કાયદેસરનો માર્ગ લેશું.' ન્યાય નહીં મળે તો બધા જ સમાજના ૫-૫ આગેવાનોને બોલાવી સરકારમાં રજૂઆત કરીશું બાકી અમે તો કોર્ટ મેટર કરવાના જ છીએ. મારા સમાજના ગૃપ પાસે ડેટા મંગાવ્યો છે. છેલ્લા બે ત્રણ વર્ષથી આવું કામ ચાલી રહ્યું હોય તેમ લાગી રહ્યું છે.

## ચૌધરી સમાજમાં ઉઠ્યો આક્રોશ

હરીભાઈ ચૌધરીના જણાવ્યા મુજબ સમાજના યુવાનોએ તેમને કહ્યુ હતું કે, તેઓ ખેતી અને પશુપાલન કરી પૈસા ભેગા કરી પરીક્ષા માટે તૈયારી કરે છે. લેખિતમાં ઊંચા ગુણ મળ્યા પછી મૌખિક ઇન્ટરવ્યુમાં અન્યાય થાય ત્યારે GPSC અને સરકારની પારદર્શક કામગીરી સામે પ્રશ્ન ઊભો થાય છે.

## કેવી રીતે GPSC શંકાના ઘેરામાં આવી?

જાહેરાત ક્રમાંક ૨૦/ ૨૦૨૪માં લેખિત પરીક્ષા પાસ કર્યા પછી મૌખિક ઇન્ટરવ્યુમાં ૮૨ ગુણના ગેપિંગને લઈને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરનારા ઉમેદવારોએ સવાલ ઉઠાવ્યા હતા. ૨૦/૨૦૨૪ની જાહેરાતમાં અગાઉની એક ભરતીમાં ગેરરીતિ આચરવા બદલ ઉમેદવાર ઉપર પ્રતિબંધ મૂકાયો હતો. તે ઉમેદવારને મૌખિક પરીક્ષામાં ૯૨ ગુણ આપીને સિલેક્ટ કરી દેવાયો હતો. જેના કારણે મુખ્ય પરીક્ષામાં માત્ર ૩૭૧ ગુણ ધરાવતા ઉમેદવારો વર્ગ-૧, ૨ માં સિલેક્ટ થઈ ગયા હતા. જ્યારે વિપુલ ચૌધરી જેવા ઘણાં ઉમેદવારોનું મુખ્ય પરીક્ષાનું મેરિટ ૪૨૭ થી લઈ ૪૨૯.૨૫ હોવા છતાં મૌખિક ઈન્ટરવ્યુમાં ૧૦-૨૦ સુધી ગુણ આપીને નાપાસ જાહેર કરાયા હતા. ભૂતકાળમાં GPSCની જાહેરાત ક્રમાંક ૧૦/૨૦૨૦, ૨૬/૨૦૨૧, ૩૦/૨૦૨૨ સહિતની અનેક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં મૌખિક ઈન્ટરવ્યુમાં સૌથી વધુ અને ઓછા ગુણની વચ્ચેનો તફાવત ૩૦ થી ૪૦ ગુણ વચ્ચેનો રહ્યો છે. જ્યારે જાહેરાત ક્રમાંક ૨૦/૨૦૨૪ હેઠળની ભરતીમાં મહત્તમ ૯૨ અને લઘુત્તમ ૧૦ જેટલુ અંતર એટલે કે ૮૨ માર્ક્સનુ ગેપિંગ ઈતિહાસમાં પહેલીવાર જોવા મળ્યુ હતું. જેના કારણે સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓ કરતા ઉમેદવારો સાથે રમત થઈ રહ્યાની લાગણી પ્રસરી હતી.

## આ પ્રશ્ન માત્ર ચૌધરી સમાજનો નથી...

GPSCમાં મૌખિક ઈન્ટરવ્યુમાં અન્યાયનો મુદ્દો માત્ર એક જ્ઞાતિ પૂરતો નથી. SC, ST, OBC સમાજનો પ્રશ્ન છે. ઉમેદવારો તો એવું કહે છે કે તમે કહો તો અમે પાંચેક હજાર ઉમેદવારો આવી જઇએ. અમે સરકારને ડેમેજ કરવા નથી માંગતા. પરંતુ દરેક યુવાન માટે છે જે GPSC જેવી સંસ્થામાં ન્યાય અને સમાનતા પર વિશ્વાસ રાખે છે. હસમુખ પટેલ કે GPSC સામે આક્ષેપોના નિરાકરણ માટે સરકાર તરફથી ગંભીર પગલાં ભરાય તે જરૂરી છે. હવે આ લોકો ઇન્ટરવ્યુના ૧૦૦ માંથી ૧૫૦ માર્ક કરવા જઇ રહ્યા છે. જો આવું થશે તો લેખિતમાં સારા માર્ક્સ લાવ્યા હશે તો પણ ઇન્ટરવ્યુમાં ઓછા માર્ક્સ આપશે તો ક્યારેય પાસ નહીં થાય.

## રાજ્ય સરકારે શું કરવું જોઈએ?

મૌખિક ઇન્ટરવ્યુ ગુણનું મહત્વ ઘટાડવું જોઈએ. તમામ ઉમેદવારો માટે સ્કોરિંગ ક્રાઇટેરિયા સ્પષ્ટ થવું જોઈએ. GPSCએ મૌખિક ઇન્ટરવ્યુ પ્રક્રિયા માટે વિડીયો રેકોર્ડિંગ અને ટ્રાન્સપરન્સી લાવવી જોઈએ. રાજ્ય સરકાર અને GPSCએ માહિતી જાહેર કરવી જોઈએ.




## વિપુલ ચૌધરીને અન્યાયથી મામલો ગરમાયો

યુનિયન પબ્લિક સર્વિસ કમિશન (UPSC) એ ૨૨ એપ્રિલ ૨૦૨૫ના રોજ સિવિલ સર્વિસીસ પરીક્ષા (CSE) ૨૦૨૪ નું અંતિમ પરિણામ જાહેર કર્યુ હતું. જેમાં પાટણ જિલ્લાના સાંતલપુર તાલુકાના હમીરપુરા ગામના વિપુલ ચૌધરીએ ૩૪૮મો રેન્ક મેળવ્યો હતો. GPSC દ્વારા લેવાયેલી વર્ગ-૧ અને ૨ની ભરતી પ્રક્રિયામાં વિપુલ ચૌધરીએ મુખ્ય પરીક્ષામાં ૪૨૯.૨૫ ગુણ મેળવ્યા હતા. પરંતુ, મૌખિક ઈન્ટરવ્યુમાં માત્ર ૨૦ ગુણ આપી નાપાસ કરવામાં આવ્યો હતો. વિપુલ ચૌધરીએ UPSCની પરીક્ષામાં ૩૪૮મો ક્રમાંક મેળવતાં GPSC અને વર્તમાન ચેરમેન હસમુખ પટેલની કામગીરી શંકાના ઘેરામાં આવી ગઈ છે.




# પાકિસ્તાનનાં જૂઠ્ઠાણાં

ઓપેરશન સિંદૂર અંતર્ગત પાકિસ્તાનના આતંકી અડ્ડા નષ્ટ કરાય ાબાદ તેના કેટલાય મુખ્ય એરબેઝ ધ્વસ્ત કરવાની અભૂતપૂર્વ સૈનિક કાર્યવાહી વિશે આપણા શીર્ષ સૈન્ય અધિકારીઓએ સતત બે દિવસ સુધી જે કંઈ જણાવ્યું, ત્યારબાદ પાકિસ્તાન માટે મોં છૂપાવવવું અને વધારે કઠિન હશે. ઓપરેશન સિંદૂરની સફળતાને રેખાંકિત કરવી એટલા માટે જરૂરી હતું, કારણ કે પાકિસ્તાન હંમેશની જેમ એ જૂઠ્ઠાણું ફેલાવાની કોશિશમાં છે કે અમારું કોઈ વધારે નુકસાન નથી થયું. તે આ જૂઠ્ઠાણાનો સહારો લેવામાં એટલા માટે ઉઘાડું પડી ગયું, કારણ કે એવા કોઈ પુરાવા ન આપી શક્યું કે તે પોતાનો બચાવ યોગ્ય રીતે કરી શક્યું. તેની સેનાએ જે કથિત પુરાવા આપવાની કોશિશ કરી, તે એટલા હાસ્યાસ્પદ છે કે તે ઉપહાસનું પાત્ર બની ગયું છે. પાકિસ્તાનને બેનકાબ કરવું એટલા માટે પણ જરૂરી હતું, કારણ કે કેટલાય આંતરરાષ્ટ્રીય મીડિયા માધ્યમ પણ સત્યથી મોં ફેરવી રહ્યા હતા. એમાં તો કોઈ શંકા નહીં કે ભારતે પાકિસ્તાનને પછાડી દીધું, પરંતુ એ પ્રશ્ન અનુત્તરિત છે કે શું તે સુધરશે? એ ઠીક છે કે બંને દેશોના સૈન્ય અભિયાન મહાનિર્દેશકો વચ્ચે વાતચીત થઈ અને તેમાં સીમા પર તણાવ ઘટાડવા અને ઉશ્કેરણીની કાર્યવાહી રોકવા પર સહમતિ બની, પરંતુ કમ સે કમ ભારત એના પર ભરોસો નથી કરી શકે.

ભૂતકાળમાં પાકિસ્તાને સીમા પર શાંતિ જાળવી રાખવા અને આતંકવાદથી અંતર રાખવાના પોતાના વાયદા એટલી વાર તોડ્યા છે કે એના પર આગળ ભરોસો કરવો ખતરાથી ખાલી નથી. તેનો પણ અંદેશો છે કે બંને દેશો વચ્ચે યુદ્ધ જેવા સૈન્ય ટકરાવ પર વિરામના અમેરિકી રાષ્ટ્રપતિના કથિત શ્રેયથી ઉત્સાહિત થઈને તે કાશ્મીરનું આંતરરાષ્ટ્રીયકરણ કરવાની કોશિશ કરી શકે છે. તે એનાથી પણ પરેશાન છે કે સૈન્ય કાર્યવાહી અટકી ગઈ, પરંતુ તેના હાથમાં કશું ન આવ્યું અને ત્યાં સુધી કે ભારત એ નિર્ણયો પર વિચાર કરવા પણ તૈયાર નથી, જે પહેલગામની આતંકી ઘટના બાદ તેના વિરુદ્ધ લેવામાં આવ્યા. એમાં સૌથી કઠોર નિર્ણય છે સિંધુ જળ સંધિ સમજૂતી અટકાવી દેવી. ભલે આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષે તેના પર કૃપા દેખાડી હોય, પરંતુ સિંધુ જળ સમજૂતી પર વિશ્વ બેંક કોઈ દખલ કરવા તૈયાર નથી. પાકિસ્તાન રાજકીય, આર્થિક અને હવે તો સૈન્ય મોરચે પણ સંકટમાં છે. આ સંકટમાંથી ઉગરાનો એક જ ઉપાય છે અને તે છે ભારત વિરુદ્ધ આતંકવાદનો ઉપયોગ બંધ કરવો. જ્યાં સુધી તે વાસ્તવમાં એવું નહીં કરે અને ખુદને વિશ્વસનીય નહીં બનાવે, ત્યાં સુધી તેના પ્રત્યે કોઈ પ્રકારની ઢીલ રાખવી ન જોઈએ. ભારતે ઓપરેશન સિંદૂરથી જે કંઈ મેળવ્યું છે, તેને સાચવીને રાખવા માટે પાકિસ્તાનથી સતર્ક રહેવું પડશે અને એના પર દબાણ બનાવી રાખવું પડશે.

**તંત્રી : પ્રકાશ ચૌધરી**

## મહેસાણા સિવિલ હોસ્પિટલમાં ૬ નવા સ્પેશિયાલિસ્ટ ડોક્ટરોની નિમણૂક, દર્દીઓની હાલાકી દૂર થશે

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫


મહેસાણા સિવિલ હોસ્પિટલમાં દર્દીઓને મોટી રાહત મળી છે. હોસ્પિટલમાં ૬ નવા બોન્ડેડ સ્પેશિયાલિસ્ટ તબીબોની નિમણૂક કરવામાં આવી છે. આ નિમણૂકમાં એક ફિઝિશિયન, એક એનેસ્થેટિક, એક સર્જન, એક બાળરોગ નિષ્ણાત, એક નેત્ર રોગ નિષ્ણાત અને એક સ્ત્રીરોગ નિષ્ણાતનો સમાવેશ થાય છે.

ઉત્તર ગુજરાતના કેન્દ્રસ્થાને આવેલી મહેસાણા સિવિલ હોસ્પિટલમાં માત્ર મહેસાણા જિલ્લામાંથી જ નહીં, પરંતુ સમગ્ર ઉત્તર ગુજરાત અને રાજસ્થાનના સરહદી વિસ્તારમાંથી પણ દર્દીઓ સારવાર માટે આવે છે. છેલ્લા કેટલાક વર્ષોમાં દર્દીઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.હાલમાં સિવિલ હોસ્પિટલમાં સાત માળનું નવું મકાન બની રહ્યું છે. અગાઉ હોસ્પિટલમાં નિષ્ણાત તબીબોની ઘટને કારણે દર્દીઓને ખાનગી હોસ્પિટલમાં જવું પડતું હતું અથવા પૂરતી સારવાર મળતી ન હતી.


અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત રાજ્ય



રાજ્ય સરકાર દ્વારા
"રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા -૨૦૧૩"
(N.F.S.A.) હેઠળ સમાવિષ્ટ ૭૭ લાખથી
વધુ રેશનકાર્ડ ધારક કુટુંબોની ૩.૭૧ કરોડ
જનસંખ્યાને



મે-૨૦૨૫ માસમાં મે અને જૂન-૨૦૨૫ મહિનાનું વિતરણ તારીખ ૩૧/૦૫/૨૦૨૫ સુધી ચાલુ રહેશે.

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત મે-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

"પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના"
અંતર્ગત જૂન-૨૦૨૫ માસના ઘઉં અને ચોખાના વિનામૂલ્યે વિતરણની જાણકારી.

| ક્રમ | કેટેગરી | અનાજ | મળવાપાત્ર જથ્થો |
|---|---|---|---|
| ૧ | અંત્યોદય કુટુંબો (AAY) | ઘઉં | કાર્ડ દીઠ ૧૫ કિ.ગ્રા. |
| ૨ | | ચોખા | કાર્ડ દીઠ ૨૦ કિ.ગ્રા. |
| ૩ | અગ્રતા ધરાવતા કુટુંબો (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ ૨ કિ.ગ્રા. |
| ૪ | | ચોખા | વ્યક્તિ દીઠ ૩ કિ.ગ્રા. |

મે-૨૦૨૫ રાજ્ય સરકારની ખાંડ, મીઠાના રાહતદરે વિતરણ સંબંધિત યોજનાઓની અગત્યની જાણકારી

| ક્રમ | આવશ્યક ચીજવસ્તુ | કેટેગરી | મળવાપાત્ર જથ્થો | ભાવ પ્રતિ કિલો.ગ્રા.₹ |
|---|---|---|---|---|
| ૧ | ખાંડ | અંત્યોદય કુટુંબો | ૩ વ્યક્તિ સુધી કાર્ડદીઠ ૧ કિ.ગ્રા. ૩ થી વધુ વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૧૫ |
| ૨ | | બીપીએલ કુટુંબો | વ્યક્તિદીઠ ૦.૩૫૦ કિ.ગ્રા. | ૨૨ |
| ૩ | મીઠું | N.F.S.A. કુટુંબો | કાર્ડ દીઠ ૧ કિ.ગ્રા. | ૧ |

અગત્યની સૂચના
- મે માસમાં PMGKAY (NFSA) યોજના હેઠળનો મે અને જૂન માસનો ઘઉં અને ચોખાનો જથ્થો તથા રાજ્ય સરકાર તરફથી વિતરીત કરવામાં આવતા મે માસના ખાંડ અને મીઠાના જથ્થાનું વિતરણ મે માસમાં કરવામાં આવશે. જેના માટે દરેક કાર્ડધારકે કુલ-૩ વાર આધાર આધારિત ઓથેન્ટિકેશન કરવાનું રહેશે.

આપના રેશનકાર્ડને લગતી તથા આપને મળવાપાત્ર અનાજ અંગેની વિશેષ જાણકારી માટે "My Ration" મોબાઇલ એપ્લિકેશન Google Play Store પર થી અથવા QR કોડ સ્કેન કરી ડાઉનલોડ કરવા વિનંતી.

શ્રી કુંવરજીભાઈ બાવળીયા
- માનનીય મંત્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ, ગુજરાત

લાભાર્થી પુરવઠાને લગતી ફરિયાદ હેલ્પલાઇન નં. ૧૮૦૦-૨૩૩-૫૫૦૦, ૧૯૬૭, ૧૪૪૪૫ તેમજ "My Ration" મોબાઇલ એપ્લિકેશન દ્વારા નોંધાવી શકાશે.





## ગ્રહોનો રાઝ આપની આજ

**મેષઃ** આજનો સંપૂર્ણ લાભ લેવા માટે આજનો સમય સારો છે. ઓફિસમાં સાથીદારો સાથે દલીલોમાં સામેલ ના થશો. તમારી ઘણી ઇચ્છાઓ આજે પૂર્ણ થશે. મુસાફરી એ એક મહત્વપૂર્ણ કાર્ય બની શકે છે.

**વૃષભઃ** કોઈ કારણસર આજે તમારે પોતાની જાતને કાબૂમાં રાખવી પડી શકે છે. ઘણાં લોકો માટે આખો દિવસ આળસનું વાતાવરણ રહેશે. તમારી સમસ્યાનું કારણ તણાવ છે. ઘરના લોકો સાંજે ઘરે વધુ સમય પસાર કરવામાં આનંદ લેશે.

**મિથુનઃ** દિવસના પહેલા ભાગમાં તમને ફોન કોલ દ્વારા આજે કોઈ સારા સમાચાર મળશે. ઓફિસના સાથીઓ પણ ટીમ વર્કથી ખુશ રહેશે. વ્યવહાર અને વ્યવસાયમાં સંકટ આવી શકે છે. સ્વાસ્થ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવાની જરૂર છે.

**કર્કઃ** આખા દિવસ દરમિયાન ખૂબ જ વ્યસ્ત શેડ્યૂલ રહેશે. સાંજ સુધીમાં સારા સમાચાર પ્રાપ્ત થશે અને તમને લાભ પણ થશે. વ્યાવસાયિક કિસ્સામાં, યોગ્ય મહેનત નુકસાનને અટકાવી શકે છે.

**સિંહઃ** દિવસના પહેલા ભાગમાં તમારે ખૂબ જ મહેનત કરવી પડશે સાંજ સુધીમાં ધનલાભની ઘણી તકો મળશે. જ્યારે પણ ફરવાની તક મળે ત્યારે તમે હંમેશાં તૈયાર છો. આજે સાંજે પણ તેવી જ એક તક છે.

**કન્યાઃ** આજે ઉત્સાહથી ભરેલો દિવસ છે, બપોર સુધી કોઈ ટેલિફોન કોલ દ્વારા કોઈ ચોક્કસ કેસમાં માહિતી આપી શકો છો. જો વિદ્યાર્થીઓ અભ્યાસમાં વધુ ધ્યાન કેન્દ્રિત કરશે તો તેમને લાભ મળશે.

**તુલાઃ** આજે તમે કોઈની સાથે સંઘર્ષમાં ના હોવ તેની કાળજી લો. તમારી કાર્યકારી સ્થિતિમાં સુધારો થશે. ધંધામાં લાભની રકમ છે. સાથે જ લગ્ન જીવનમાં બધી ખુશી મળશે.

**વૃશ્ચિકઃ** આજનો દિવસ તમારા માટે વિશેષ બની શકે છે. તે કોઈપણ એક યુક્તિ પર કામ કરવા માટે પૂરતું રહેશે. આજે કોઈ જોખમી પગલા ભરશો નહીં. પરિવારમાં હાજર તમારા વિરોધીઓ થોડા સમય માટે માથું ઊંચકી શકશે નહીં.

**ધનઃ** આજે ટીમ વર્ક કરવાનો દિવસ છે. ઓફિસમાં તમારા સાથીદારો સાથે નિકટતાથી કાર્ય કરવાથી સારા પરિણામ મળશે. વાતચીતથી નવા ફાયદાઓનો વિચાર આવી શકે છે.

**મકરઃ** આજે ખૂબ સારો દિવસ રહેશે. જો હૃદયમાં કંઈક નવો વિચાર છે, તો તરત જ આગળ વધવું ફાયદાકારક રહેશે. સંબંધીઓ સાથે જૂના વિવાદ દૂર કરવાનો સમય છે. મિત્રો સાથે રહેવાથી ફાયદો થઈ શકે છે.

**કુંભઃ** આજનો દિવસ ખૂબ ધીમો પડી શકે છે. ધીરે ધીરે તે ફક્ત આગળ વધવાથી જ લાભ મેળવી શકે છે. જો તમે પ્રયત્ન કરતા રહો, તો તમે પણ અટકેલા કામ પૂરા કરશો.

**મીનઃ** આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. મન દ્વારા કરવામાં આવેલ કાર્યથી લાભ થશે અને ખુશ રહેશો. લાંબા તણાવ પણ ઓછા થશે. જો તમે અન્યની મદદ કરો છો, તો તમારા સહાયકો પણ આવશે.

## ફિલ્મી ગપશપ

### ઓપરેશન સિંદૂર અંગે મૌન રહેતા આમિર ખાન પર યુઝર ભડક્યા

### આમિર ખાનની નવી ફિલ્મ 'સિતારે ઝમીન પર'નું ટ્રેલર લોન્ચ થયાના થોડા જ કલાકોમાં બોયકોટની માંગ

મુંબઈ, તા.૧૫

'તારે ઝમી પર' ફિલ્મના વરસો બાદ આમિર ખાનની નવી ફિલ્મ 'સિતારે ઝમીન પર'નું ટ્રેલર મંગળવારે લોન્ચ થઈ ગયું છે અને લોન્ચિંગના ગણતરીના કલાકોમાં જ એ નંબર વન પર ટ્રેન્ડ કરવા લાગ્યું હતું.




જોકે દર્શકોના પ્રેમ છતાં ટ્રેલર-લોન્ચના ગણતરીના કલાકોમાં જ સોશ્યલ મીડિયા પર ફિલ્મના બોયકોટની ડિમાન્ડ થઈ રહી છે અને એ માટે આમિર ખાનના વર્તનને જવાબદાર ગણવામાં આવી રહ્યું છે.

હાલમાં ઓપરેશન સિંદૂરને કારણે ભારત-પાકિસ્તાન વચ્ચે ભારે તનાવનું વાતાવરણ છે. દરેક સામાન્ય લોકોથી લોકોથી લઈને અનેક સેલિબ્રિટીઝે ભારતીય સેનાના સાહસની પ્રશંસા કરીને એને સમર્થન આપ્યું છે.

જોકે આમિર ખાન, શાહરૂખ ખાન અને સલમાન ખાને આ મામલે મૌન રહેવાનું પસંદ કર્યું હતું જે લોકોને બિલકુલ નથી ગમ્યું. આ જ વર્તનને કારણે કેટલાક લોકો 'સિતારે ઝમીન પર'નો બોયકોટ કરવાની માંગ કરી રહ્યા છે.

આ ફિલ્મના ટ્રેલર-લોન્ચ પછી એક યુઝરે લખ્યું છે, જેઓ આપણા જવાનો માટે એક પણ શબ્દ નથી બોલ્યા તેમની ફિલ્મ અમે નહીં જોઈશું કે ન તો કોઈને જોવા દઈશું. ફક્ત ગદાર જ આવી ફિલ્મ જોવા જશે. આ ફિલ્મનો બોયકોટ કરવો જોઈએ.' અન્ય એક યુઝરે કમેન્ટ કરી છે.

અન્યએ લખ્યું કે 'આમિરની 'સિતારે ઝમીન પર'ને બોયકોટ કરો, કારણ કે બોલીવુડ પાસે ભારત દેશ માટે સમય નથી. તેઓ પોતાના પાકિસ્તાની ચાહકોને નારાજ કરવા નથી માગતા, કોઈ પણ અભિનેતા કે અભિનેત્રીને સમર્થન ન કરો.

'સિતારે ઝમીન પર'ના બોયકોટ વિશે અલગ-અલગ પ્લેટફોર્મ પર ચર્ચા ચાલી રહી છે. આ ઓનલાઈન ચર્ચાઓમાં જોવા મળ્યું છે કે, બોયકોટની માગણી પાછળ બીજાં અનેક કારણો છે. કેટલાક યુઝર્સ આમિર ખાને ઓપરેશન સિંદૂરને જાહેરમાં સ્વીકૃતિ ન આપી એ બદલ પણ નારાજ છે.

કેટલાક 'લાલ સિંહ ચઢ્ઢા'ના પ્રમોશન દરમ્યાન ટર્કીનાં તત્કાલીન ફર્સ્ટ લેડી એમિન એર્દોગન અને આમિરની મુલાકાતને યાદ કરીને તેને ભારતવિરોધી ગણાવી રહ્યા છે. આ લોકો ૨૦ જૂને રિલીઝ થનારી 'સિતારે ઝમીન પર'ના બોયકોટની માગણી કરી રહ્યા છે.

# ગુજરાતમાં તમામ કામદારો - કર્મચારીઓ માટે ઓળખકાર્ડ ફરજીયાત

**સરકાર માર્ગદર્શિકા તૈયાર કરી રહી છે : પોલીસમાં નકલ આપવી પડશે**

**ઘરકામનાં નોકરોથી માંડીને ચા - પાનની દુકાન - કંપનીઓ સહિત તમામ માટે નિયમ લાગુ થશે**

ગાંધીનગર,તા.૧૫

ભારત-પાકિસ્તાન વચ્ચે મીની યુદ્ધ તથા ગેરકાયદે વસાહતીઓના ઘટનાક્રમ વચ્ચે રાજય સરકારે આંતરિક સુરક્ષા અસરકારક બનાવવાની દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે. હવે રાજયમાં કામ કરતાં તમામ કામદારો માટે ઓળખકાર્ડ ફરજીયાત થશે અને આ માટે ખાસ માર્ગદર્શિકા ઘડવાનું શરૂ કરાયું છે.



કામદારો-કર્મચારીઓને કામે રાખતા માલિકોએ તેમની ઓળખની નકલ પોલીસને સોંપવી પડશે.નિયમભંગ બદલ કાનુની પગલા ભરવાની જોગવાઈ કરાશે. જોકે, કામદાર દ્વારા બોગસ દસ્તાવેજ રજુ કરવામાં આવ્યા હોય તો માલિકની જવાબદારી નહિં ગણાય.

રાજય સરકારના સુત્રોએ કહ્યું કે, નવી સુચિત માર્ગદર્શિકા-નિયમો તમામે તમામ વર્ગને લાગુ પડશે.ચા-પાનની દુકાનો મોટી કંપનીઓ તથા બાંધકામ કોન્ટ્રાકટરોથી માંડીને ઘરકામ માટે રખાતા નોકરોને પણ ઓળખકાર્ડ આપીને તેની નકલ પોલીસમાં જમા કરાવવાની રહેશે.

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ગઈકાલે ઉચ્ચ પોલીસ અધિકારીઓની બેઠક યોજી હતી. તેમાં જીલ્લા પોલીસવડાઓ તથા કમિશ્નરો પણ હાજર હતા.

ગૃહ વિભાગના એક સિનિયર અધિકારીએ કહ્યું કે તાજેતરમાં ગેરકાયદે વસાહતીઓ પર ઉતારાયેલી તવાઈ વખતે તેઓ લાંબા વખતથી ગુજરાતમાં વસવાટ કરતાં હોવાનું માલુમ પડયુ હતું.

જીવન નિર્વાહ માટે કોઈને કોઈ કામ ધંધો કરતા હોવાનું સ્પષ્ટ બની ગયુ હતું. આ સંજોગોમાં તમામની ઓળખ સ્થાપિત કરવાનું જરૂર છે. આ સ્થિતિમાં તમામ માલિકોએ કર્મચારી-કામદાર-નોકરના આધારકાર્ડ, રેશનકાર્ડ, વોટર આઈડી કાર્ડ ઓળખના પુરાવા તરીકે મેળવવા પડશે અને તેની નજીકનાં પોલીસ સ્ટેશનોને આપવી પડશે. નવી માર્ગદર્શિકા વિશે પોલીસ કમિશ્નરો તથા જીલ્લા પોલીસ વડાઓને સુચના આપવામાં આવી છે.ગૃહ મંત્રાલયે નિશ્ચિત માર્ગદર્શિકા ઘડવાનું પણ શરૂ કર્યું છે અને તુર્તમાં જાહેર કરાશે.

બોગસ દસ્તાવેજોનાં આધારે પાસપોર્ટ મેળવી લેનાર બાંગ્લાદેશી નાગરિકનાં કિસ્સાને આગળ ધરીને સુત્રોએ કહ્યું કે કામદારોનાં ઓળખકાર્ડનાં આધારે ષડયંત્ર તથા રાષ્ટ્ર વિરોધી પ્રવૃતિ અટકાવી શકાશે. સીંગલ પ્લેટફોર્મ પર જ ડેટા ઉપલબ્ધ બને તે માટે ટેકનોલોજી વિકસીત કરાશે.અત્રે ઉલ્લેખનીય છે કે, પહેલગામનાં હુમલા બાદ ગુજરાતમાં ગેરકાયદે વસતા વિદેશી નાગરિકો પર તવાઈ બોલાવવામાં આવી હતી. માત્ર અમદાવાદમાં જ ૮૯૦ બાંગ્લાદેશી નાગરિકો પકડાયા હતા.

સુરતમાંથી ૧૩૪ પકડાયા હતા. તેમાંથી ચારની ગુનાહીત સાંઠગાંઠ ખુલી હતી. બે ત્રાસવાદી સંગઠન અલ કાયદાનાં સ્લીપર સેલ હોવાની શંકા છે. આ તમામ લોકો બોગસ દસ્તાવેજોનાં આધારે ગુજરાતમાં વસવાટ કરતા હોવાનું માલુમ પડયુ હતું. ગૃહમંત્રીએ જીલ્લા પોલીસ વડા-કમિશ્નરોને સુચના આપી દીધીઃ તુર્તમાં જઘડ જાહેર થશે

ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથેની બેઠકમાં જીલ્લા પોલીસ વડાઓ તથા પોલીસ કમિશ્નરોને સરકારની આંતરિક સલામતીની સુચિત યોજના વિશે જાણ કરી હતી. તુર્તમાં વિધીસરની માર્ગદર્શિકા જારી કરવાનું પણ સ્પષ્ટ કર્યું હતું.

## ઉત્તરાખંડના પાર્વતી કુંડમાં દુઃખદ અકસ્માત, પથ્થર પડવાથી ગુજરાતની મહિલા યાત્રાળુનું મોત

ભુજ,તા.૧૫

ઉત્તરાખંડના પિથોરાગઢમાં એક દુઃખદ ઘટનામાં, એક વૃદ્ધ મહિલા યાત્રાળુનું પથ્થર પડતાં મૃત્યુ થયું. આ અકસ્માત પાર્વતી કુંડ નામના તીર્થસ્થળ પર થયો હતો. કેસની માહિતી આપતાં પોલીસે જણાવ્યું કે મહિલા યાત્રાળુ ઉત્તરાખંડના આદિ કૈલાશ શિખરની યાત્રા માટે ગઈ હતી. દરમિયાન, જોલિંગકોંગમાં એક પથ્થર સાથે અથડાવાથી તેનું મૃત્યુ થયું. પોલીસે જણાવ્યું કે મૃતક મહિલા ગુજરાતના કચ્છના ગાંધીધામની રહેવાસી હતી.

પિથોરાગઢના ગુંજી પોલીસ સ્ટેશનના એસએચઓ આશુતોષ કુમારે જણાવ્યું હતું કે સોમવારે બપોરે એક પથ્થર મહિલા પર પડતાં




અકસ્માત થયો હતો. આ અકસ્માતમાં ૬૪ વર્ષીય મહિલા સનવાલા દેવયાનીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર, મહિલા પાર્વતી સરોવર, શિવ મંદિર અને આદિ કૈલાશના દર્શન કર્યા પછી ખચ્ચર પર સવાર થઈને ગૌરીકુંડ જઈ રહી હતી, ત્યારે અચાનક ઉપરથી એક પથ્થર પડ્યો અને તેનું મોત નીપજ્યું.અકસ્માત બાદ પોલીસે મહિલાના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે ધારચુલા મોકલી આપ્યો હતો અને મૃતકના સંબંધીઓને ઘટનાની જાણ કરી હતી. દરમિયાન, ધારચુલા સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ મનજીત સિંહે જણાવ્યું હતું કે, 'શબ પોસ્ટમોર્ટમ માટે ધારચુલા પહોંચી ગયું છે અને અમે ગુજરાતથી તેના સંબંધીઓની રાહ જોઈ રહ્યા છીએ.' પોસ્ટમોર્ટમ પછી મૃતદેહ તેમને સોંપવામાં આવશે.

# સૌર ઊર્જા ક્ષેત્રે અગ્રેસર ગુજરાત, પીએમ સૂર્ય ઘર યોજનામાં સૌથી વધુ ૩૪% યોગદાન

**૧૧ મે ૨૦૨૫ સુધી ગુજરાતમાં ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ સ્થાપિત કરવામાં આવી**

**ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર તરફથી મળી ૨૩૬૨ કરોડની સબસિડી**

**ગુજરાતમાં સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ દ્વારા ૧૨૩૨ મેગાવોટ ઊર્જાનું ઉત્પાદન**

**આ ઊર્જા ઉત્પાદનથી ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાની બચત થઈ અને ૧૫૦૪ મેટ્રિક ટન CO2 ઉત્સર્જનમાં ઘટાડો થયો**



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ગુજરાતે ફરી સાબિત કરી બતાવ્યું છે કે, નીતિગત દ્રઢતા, વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીનો સમન્વય કોઈપણ યોજનાને રાષ્ટ્રીય સફળતામાં પરિવર્તિત કરી શકે છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન હેઠળ, પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના માટે રાજ્ય સરકારે નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ માટે નિર્ધારિત ૩.૦૫ લાખ સોલાર રૂફટોપ પેનલ્સના ઈન્સ્ટોલેશનનો લક્ષ્યાંક સમય પહેલાં જ પ્રાપ્ત કરી લીધો છે.

## વહીવટી કાર્યક્ષમતા અને જનભાગીદારીના સહયોગથી ગુજરાત બન્યું શ્રેષ્ઠ

**ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની અભૂતપૂર્વ સફળતામાં વહીવટીતંત્રની દૂરંદેશી કામગીરીએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે, સાથે અહીંની જાગૃત જનતા અને સ્થાનિક સંસ્થાઓની સક્રિય ભાગીદારીએ પણ નોંધપાત્ર યોગદાન આપ્યું છે. રાજ્ય સરકારે દરેક ગામ અને શહેરમાં વ્યાપક જનજાગૃતિ અભિયાન ચલાવીને નાગરિકોને યોજનાના લાભો વિશે માહિતગાર કર્યા અને અરજી પ્રક્રિયાને સરળ અને સુલભ બનાવી. આ સમન્વિત અને સમર્પિત પ્રયાસો આજે ગુજરાતને નવીનીકરણીય ઊર્જાના ક્ષેત્રમાં દેશ માટે એક આદર્શ મોડલ તરીકે સ્થાપિત કરી રહ્યા છે.**

## પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ સોલર પેનલ ઇન્સ્ટોલેશનમાં ગુજરાત સમગ્ર દેશમાં અગ્રેસર

**રાજ્ય સરકારની સંસ્થા ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ (ૅંફદ્બન) દ્વારા જાહેર કરવામાં આવેલા ડેટા અનુસાર, ૧૧ મે ૨૦૨૫ સુધીમાં ગુજરાતમાં પીએમ સૂર્ય ઘર યોજના હેઠળ ૩.૩૬ લાખ સોલર રૂફટોપ પેનલ્સ સ્થાપિત કરવામાં આવી છે. આ આંકડો દેશમાં અન્ય રાજ્યોની સરખામણીમાં સર્વાધિક છે. આ યોજનાના સફળ અમલીકરણને કારણે, આજે ગુજરાત સોલર રૂફટોપ ઇન્સ્ટોલેશનમાં દેશમાં ૩૪% યોગદાન આપી રહ્યું છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા ?૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, આ યોજના હેઠળ ગુજરાતના ૩.૦૩ લાખ ગ્રાહકોને કેન્દ્ર સરકાર દ્વારા ?૨૩૬૨ કરોડની સબસિડી આપવામાં આવી છે. પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાનું સફળ અમલીકરણ કરનારા ટોચના પાંચ રાજ્યોની વાત કરીએ તો પ્રથમ ક્રમે ગુજરાત બાદ, મહારાષ્ટ્ર ૧.૮૯ લાખ સોલર રૂફટોપ પેનલ ઇન્સ્ટોલેશન્સ સાથે બીજા ક્રમે છે. ઉત્તર પ્રદેશ ૧.૨૨ લાખ ઇન્સ્ટોલેશન સાથે ત્રીજા ક્રમે, કેરળ ૯૫ હજાર ઇન્સ્ટોલેશન સાથે ચોથા ક્રમે અને રાજસ્થાન ૪૩ હજાર ઇન્સ્ટોલેશન સાથે પાંચમા ક્રમે છે.**

## ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાની બચત થઈ, ૧૫૦૪ મેટ્રિક ટન CO2 ઉત્સર્જનમાં ઘટાડો થયો

**GUVNLના આંકડા અનુસાર, ગુજરાતમાં 'પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના' હેઠળ સ્થાપિત ૩.૩૬ લાખ સોલર રૂફટોપ સિસ્ટમ દ્વારા ૧૨૩૨ મેગાવોટથી વધુ ઊર્જાનું ઉત્પાદન થયું છે, જે પરંપરાગત વીજ ઉત્પાદનના ૧૮૩૪ મિલિયન યુનિટ જેટલું છે. જો આટલી જ ઊર્જા કોલસા આધારિત પ્લાન્ટમાંથી ઉત્પન્ન કરવામાં આવી હોત, તો લગભગ ૧૨૮૪ મેટ્રિક ટન કોલસાનો વપરાશ થયો હોત. આ બચતને કારણે વાતાવરણમાં ૧૫૦૪ મેટ્રિક ટન કાર્બન ડાયોક્સાઇડ ઉત્સર્જનમાં પણ ઘટાડો થયો છે.**

## પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજના શું છે અને તેના લાભ કોને મળી શકે છે?

**પીએમ સૂર્ય ઘર મુફ્ત બિજલી યોજનાની શરૂઆત ફેબ્રુઆરી ૨૦૨૪માં વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવી હતી. આ યોજના હેઠળ નાગરિકોને ૩૦૦ યુનિટ સુધી મફત વીજળી આપવાની સાથે ૩ ાઉ સુધીની સિસ્ટમ પર ?૭૮ હજાર સુધીની સબસિડી આપવામાં આવે છે. છત ધરાવતો કોઈપણ ઘરમાલિક આ યોજના માટે પાત્ર છે. અરજીની પ્રક્રિયા સરળ છે અને https://pmsuryaghar.gov.in પર જઈને ઓનલાઈન કરી શકાય છે.**

# જિંદગીની યાત્રા વિચિત્ર છે કશું જ લીધા વગર આવીએ, દરેક વસ્તુ માટે લડીએ અને અંતે બધું જ છોડીને ચાલ્યા જઈએ છીએ...



**યશપાલસિંહ ટી.વાઘેલા**
**દરબાર ગઢ થરા**




યાર, તિરંગાયાત્રાને ઑપરેશન સિંદૂર પછી બહુ પ્રજાનો આવકાર કે સમર્થન મળતું નથી શું આ પ્રજા ખરેખર આઝાદ થઈ કે શું ? અમે તો આ પ્રજાને ભોળી અને ભોટ સમજતા હતા પણ આ પ્રજા તો ઑપરેશન સિંદૂર પછી નિરાશ ટ્રમ, અદાણી અંબાણી.. વાવાઝોડામાં થઈ જે હોય તે પ્રજા આ વખતે માવઠું વરસ્યું તેમ વરસતી દેખાતી નથી રાજકારણ માં આવો ધ્રાસકો જોવા મળે છે ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં આજે જોઈએ તો ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામી આ પાંચને નિત્યમાને છે.ભગવાન નું સ્વરૂપ નિત્ય, ભગવાનની લીલા નિત્ય,ભગવાનનું નામ નિત્ય, ધામ નિત્ય અને પરિકર નિત્ય છે.

પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આ સૃષ્ટિની રચના કેવી રીતે કરે છે?આ સૃષ્ટિ ની ઉત્પત્તિની કથા કહો.જવાબ માં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદજી ને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે.

ભગવાનને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ.પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા.આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં,ત્યારે પ્રભુએ એક- એક વસ્તુમાં પ્રવેશ કર્યો.હવે તત્ત્વ માં દિવ્ય ચેતન શક્તિ પ્રગટ થઈ.

સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે.

બ્રહ્માજીની તપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મ તત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો.આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મ સ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા, પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ તેવામાં બ્રહ્માજીને આકાશવાણી સંભળાઈ:તપ,તપ! બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજીએ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં.તપ કર્યા વગર કોઈને ચાલ વાનું નથી. તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાયછે.પછીનારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુ:શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો.દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યાયના બત્રીસથી પાંત્રીસ શ્લોકએ ચતુ:શ્લોકી ભાગવત.ભગવાન સંતાકૂકડીની રમતના અજબ ખેલાડી છે. આરંભમાં તમામ જીવો ભગવાન ની અંદર ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે.તે પછી કહે છે,બેટા, હવે હું સંતાઈ જાઉં છું.હવે તું મને શોધી કાઢજે!

ભગવાન કહે છેકે,જગતમાં ન હતું ત્યારે પણ હું જ હતો.જગત રહેશે નહીં ત્યારે પણ હું જરહીશ જેમ સ્વપ્નમાં એક જ અનેકરૂપે દેખાય છે,તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે.એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે. દાગીનાના આકાર ભિન્ન હોવા છતાં સર્વમાં એક જ સોનું રહેલું છે.કિંમત પણ સોનાની મળે છે, આકારની નહીં. ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે,તે સત્ય નથી.ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વર ની માયાછે.જે ન હોવા છતાં પણ દેખાય છેઅને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી.એ જ માયાનું કાર્ય છે.તેને જમહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે.

સર્વનું મૂળ ઉપાદાન કારણ પ્રભુ સત્ય છે અને પ્રભુમાં ભાસે તે સંસાર અસત્ય છે, પરંતુ માયાથી ભાસે છે.

માયાની બે શકિતઓ છે:આવરણ શક્તિ અને વિક્ષેપ શક્તિ. માયાની આવરણ શક્તિપરમાત્મા ને ઢાંકી રાખે છે.માયાની વિક્ષેપ શક્તિ ઈશ્વરમાં જગતનો ભાસ કરાવે છે. જેમ અંધારામાં દોરડાને બદલે સાપ દેખાય. જે ન હોય તે દેખાય અને જે હોય તે ન દેખાય. પોતાના સ્વરૂપનું વિસ્મરણએ માયા છે.એ સ્વપ્ન છે. સ્વપ્ન જેને દેખાય છે તે જોનારો સાચો છે. સ્વપ્નમાં એકજ પુરુષ છે પણ દેખાય છે બે.એ જાગી જાય છે ત્યારે એને ખાતરી થાય છેકે હું ઘરમાં પથારીમાં સૂતો છું. સ્વપ્નનો પુરુષ જુદો છે. તેમ આ જગતમાં બ્રહ્મ તત્ત્વ એક જ છે,પણ માયાને લીધે અનેક તત્ત્વ ભાસે છે. માયા અનાદિ છે.માયા એટલે અજ્ઞાન અજ્ઞાન કયારથી શરૂ થયું તે જાણવાની શું જરૂર છે? માયા જીવને ક્યારથી વળગી એનો વિચાર કરવો નહીં.કપડાં ઉપર ડાઘ પડયો હોય તો તે શાથી પડ્યો ક્યારે પડેલો? કેમ કરતાં પડ્યો? કઈ શાહી હશે? વગેરે વિચાર કરવાને બદલે પડેલો ડાઘ તરત દૂર કરવો એ જ હિતાવહ છે. તેવી રીતે માયાનો વિચાર કરવા કરતાં માયાના પતિ પરમાત્માને શરણે જવું એ જ કર્તવ્યમય છે. સુદામાએ એક વખત શ્રીકૃષ્ણ પાસે માગણી કરી કે,મારે તમારી માયાનાં દર્શન કરવાં છે. શ્રીકૃણે કહ્યું,સમય આવે દર્શન કરાવીશ. ચાલો,પહેલાં ગોમતીમાં સ્નાન કરવા જઈએ.ભગવાન સ્નાન કરી પીતાંબર પહેરેછે.સુદામાએ ગોમતીના જળમાં ડૂબકી મારી, ત્યારે પ્રભુએ પોતાની માયા બતાવી સુદામાને લાગ્યું, ગોમતીજીમાં પૂર આવ્યું છે.તે પોતે તણાતાં જાય છે.માંડ માંડ તરીને એક કિનારે આવ્યા ત્યાં એક ગામ હતું.ગામમાં પેસતાં એક હાથણીએ તેમના ગળામાં ફૂલની માળા પહેરાવી. લોકોએ સુદામાને કહ્યું:અમારા દેશ ના રાજા મૃત્યુ પામેલા છે.આ ગામ નો કાયદો છે કે,રાજાના મૃત્યુ બાદ આ હાથણી જેને માળા પહેરાવે તે રાજા થાય.માટે તમે અમારા રાજા સુદામા રાજા બન્યા એક રાજ કન્યા સાથે તેમનું લગ્ન થયું. બાર વર્ષ સંસાર ચાલ્યો.બાર પુત્રો થયા તેવામાં રાણી એક દિવસ માંદી પડી અને મૃત્યુ પામી. સુદામા રડવા લાગ્યા. લોકો કહે, તમે રડો નહીં.અમે તમને વિયોગ માં દુ:ખી નહીં થવા દઈએ તમારી પત્ની જ્યાં ગઈ છે ત્યાં તમને પણ મોકલીશું. એટલે કે પત્ની સાથે તમારે પણ અગ્નિમાં પ્રવેશ કરવો પડશે. હવે સુદામા પત્ની માટે રડવાનું ભૂલી ગયા, ને પોતા માટે રડવા લાગ્યા. પછી તે લોકોને કહે છે,મને એક વખત સ્નાન- સંધ્યા કરી લેવા દો.પછી મને સતો કરજો તે સ્નાન કરવા ગયા. ચાર પુરુષો તેની ચોકી કરતા ઊભા કે નાસી ન જાય.સુદામા ખૂબ ગભરાયા. ગભરાટમાં પ્રભુને યાદ કરે છે.રડતાં રડતાં સુદામા નદી માંથી બહાર આવ્યા.ભગવાન હજી તો પીતાંબર પહેરી રહ્યા હતા ભગવાન પૂછે છે,તું કેમ રડે છે?સુદામાએ બધી વાત કરી ત્યારે ભગવાન કહે,આનું નામ મારી માયા માયા એટલે વિસ્મરણ ન હોય અને બતાવે એ માયા.

માયાના ત્રણપ્રકાર છ ે : સ્વ મ ા ે હિ ક ા , સ્વજનમોહિકા,વિમુખજનમોહકા બ્રહ્મદૃષ્ટિ સતત રાખે તેને માયા પકડી શકે નહીં.માયા જીવનને વળગી છે એ તત્ત્વદષ્ટિથી સાચું નથી.માયા નર્તકી છે.તે બધાને નચાવે છે નર્તકી માયાના મોહમાં થી છૂટવું હોય તો નર્તકી શબ્દ ઊલટાવો એટલે થશે કીર્તન. કીર્તન કરો એટલે માયા છૂટશે. કીર્તન ભક્તિ માં દરેક ઈન્દ્રિયને કામ મળે છે. તેથી મહાપુરુષોએ કીર્તન ભક્તિને શ્રેષ્ઠ માની છે.

માયાને તારવા માયા જેની દાસી છે એ માયાપતિ પરમાત્માને જ પામવા પ્રયત્ન કરો.માયાના ત્રાસ માંથી છૂટવું હોયતો માધવ રાયને શરણે જવું. ભગવાન કહે છે કે, જે મારે શરણે આવે છે તે જ આ દસ્તુર માયાને તરી જાય છે. તેથી મનુષ્ય માત્ર સદા, સર્વત્ર ભગવાન શ્રીહરિનું જ પૂરા દિલથી શ્રવણ, કીર્તન-સ્મરણ કરવું.આવરણ અને વિક્ષેપ એ માયાની બે શક્તિ ઓ છે.બંને શક્તિઓ ઈશ્વરને ઢાંકે છે, છૂપાવે છે. તત્ત્વદષ્ટિથી જોતાં જગત નથી,છતાં આવરણ અને વિક્ષેપને લીધે જગત સત્ય ભાસે છે.સ્વપ્નમાં દષ્ટાને સ્વપ્ન સાચું લાગે છે.સ્વપ્નાવસ્થા એટલે અજ્ઞાનાવસ્થા અને જાગૃતાવસ્થા એટલે જ્ઞાનાવસ્થા.સ્વપ્નનો સંસાર સાચો નથી છતાં જીવને સુખદુ:ખ કરે છે,એમ માયાનું જગત સાચું નથી,છતાં જીવને સુખદુ:ખ કરે છે.જાગેલાને ભગવાન મળે છે,સૂતેલાને સંસાર મળે છે. સંસારમાં જાગેલો તે છે જેને સંસારમાં સુખ તુચ્છ લાગ્યું છે અને જેને સંસારનાં બધાં સુખો મીઠાં લાગે છે તે સૂતેલો જ છે. માયાનો આરંભ નથી કે અંત પણ નથી.કારણ કેએ પોતે જ ખોટી છે પણ જાગ્યા પછી સ્વપ્નનો જેમ અંત આવે છે તેમ જ્ઞાન થયા પછી માયાનો અંત આવે છે.અજ્ઞાન અનાદિ છે, પણ અજ્ઞાનનો અંત આવી શકે છે.માયા હંમેશ ગાફેલ ને મારે છે. સાવધાનને એ મારી શકતી નથી. માયા એ છાયા જેવી છે.તમે દીવા ની સામે ઊભા રહેશો તો છાયા તમારી પાછળ રહેશે, પણ દીવા તરફ પૂંઠ કરીને ઊભા રહેશો તો છાયા તમારી સામે રહેવાની. એમ જીવ પરમાત્માની સામે રહે તો માયા પાછળ રહેવાની,પણ પરમાત્માને ભૂલી તેમની સામે પૂંઠ કરીને રહે તો માથા સામે આવીને ઊભી રહેવાની.

ભગવાને બ્રહ્માજીને જે ચતુ: શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો,તે બ્રહ્મા જીએ નારદને કર્યો. નારદે વ્યાસજીને કર્યો અને વ્યાસ જીએ એના પરથી અઢાર હજાર શ્લોકો વાળું ભાગવતશાસ્ત્ર રચ્યું.

વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત દેશમાં રાજકારણને પહેલગામ પર્યટકો પર આતંકવાદી હુમલા બાદ સિંદુરના રંગ પછી એવો આઘાત લાગ્યો છે કે અમે જે ઈચ્છતા હતા તેવો પ્રજાનો દરવખત જેવો માહોલ સહકાર મળ્યો નથી તો તેના માટે કંઈક તો ચાલુ રાખવું પડશે નહિતર આ દેશની આઝાદ પ્રજાને આપણા પોલમપોળની ખબર પડી જશે અને તેવું થાય તો ગુજરાત તો જાય પણ દેશમાં જે અંધ ભક્તિ ફેલાઈ છે તેની હવા નીકળી જાય તે ક્યારેય ચલાવી લેવાય નહિ આ પ્રજા પાકિસ્તાન ભારત હિન્દુ મુસલમાનના શબ્દોથી જ અંકુશમાં રહે છે તે ભૂલવું ન જોઈએ..વાચક મિત્રો તમે અંધ ભક્ત નથી તો આ બધું સમજો જ છો.બાકી જે અંધ ભક્ત છે તે તો રહેવાના જ કારણકે કળયુગ છે આજે આપણે અહીં અટકીએ ભારત માતા કી જય વંદે માતરમ્ અસ્તુ.

# BZ ગ્રૂપની મિલકતો ટાંચમાં લેવા નાયબ કલેક્ટરનો આદેશ

# સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગરમાં મિલકતો ટાંચમાં લેવા નવ મામલતદારોને લેખિતમાં આદેશ









(ગરવી તાકાત) સાબરકાંઠા તા.૧૫

BZના નામે પોન્ઝી સ્કીમમાં CIDમાં ફરિયાદ બાદ તપાસ સાથે કાર્યવાહી કરાઈ હતી અને ધરપકડનો દોર શરૂ થયો હતો. બીજી તરફ મ્હની મિલકતો ટાંચમાં લેવા માટે ૯ તાલુકાના મામલતદારને નાયબ કલેક્ટરે આજે ૧૪મેના લેખિત આદેશ કર્યા છે.

આ અંગેની વિગત એવી છે કે, સાબરકાંઠા ,અરવલ્લી સહિત રાજ્યભરમાં પોન્ઝી સ્કીમ મસમોટું વળતર અને વ્યાજ આપી લોકોને એજન્ટો દ્વારા ફેલાવો વધાર્યો હતો. ત્યારે આ અંગે CIDમાં ફરિયાદ થયા બાદ એક્શનમાં આવીને CIDએ તપાસ શરૂ કરી BZની ઓફિસો પર રેડ કરી કાર્યવાહી શરૂ કરી હતી. તો મુખ્ય સૂત્રધાર ભુપેન્દ્રસિંહ ઝાલા સહિત એજન્ટો સામે ગુનો નોંધી ધરપકડનો દોર શરૂ કર્યો હતો.

નાયબ કલેક્ટરના આદેશથી BZના મૂખ્ય ભૂપેન્દ્ર ઝાલાની મિલકતો ટાંચમાં લેવા કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. સાબરકાંઠા, અરવલ્લી અને ગાંધીનગર જિલ્લામાં આવેલી મિલકતોને ટાંચમાં લેવાશે. મિલકતો ટાંચમાં લેવા માટે નાયબ કલેક્ટર, મામલતદાર અને સીટી સર્વેને સહિતના અધિકારીઓને હિંમતનગર નાયબ કલેક્ટરે પત્ર લખ્યો છે.

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર, તલોદ અને અરવલ્લી જિલ્લાના માલપુર, મોડાસા, ગાંધીનગર જિલ્લાના માણસા સહિતના મામલતદારોને કાર્યવાહી માટે પત્ર લખ્યો છે.આ ઉપરાંત પ્રોપર્ટી કાર્ડમાં વિગત નોંધ કરવા સીટી સર્વે સુપ્રિન્ટેડેન્ટને નાયબ કલેક્ટરે જાણ કરી છે. GPID એક્ટ હેઠળ રોકાણકારોને રકમ પરત અપાવવા માટે મિલ્કતો ટાંચમાં લેવાશે. જેને લઈને આ ટાંચની કાર્યવાહીથી રોકાણકારોના ફસાયેલા નાણાં પરત મળે તેની શક્યતાઓ ઉજળી થઈ છે.

## જિલ્લા વિકાસ અધિકારી ડૉ. હસરત જૈસમીનની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ સમીક્ષા બેઠક

## મહેસાણા જિલ્લામાં પ્રાકૃતિક કૃષિના વેચાણ કેન્દ્ર વિશેની જાણકારી લોકોને મળી રહે તેવા પ્રયાસો કરવા જણાવાયું

(ગરવી તાકાત) મહેસાણા તા.૧૪

જિલ્લા પંચાયત કચેરી ખાતે જિલ્લા વિકાસ અધિકારીશ્રી ડૉ હસરત જૈસમીનની અધ્યક્ષતામાં પ્રાકૃતિક કૃષિ સમીક્ષા બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ પ્રાકૃતિક કૃષિના વધારે પ્રચાર પ્રસાર કરવા પર ભાર મૂક્યો હતો તેમજ જિલ્લાવાસીઓને પ્રાકૃતિક શાકભાજી, ફળફળાદી તેમજ અનાજ મળે તે માટે પ્રાકૃતિક કૃષિના વેચાણ કેન્દ્ર વિશેની જાણકારી લોકોને મળી રહે તેવા પ્રયાસો કરવા જણાવ્યું હતું.

વધુમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ જિલ્લામાં પ્રાકૃતિક કૃષિનો વિસ્તાર વધે અને વધુમાં વધુ ખેડૂતો પ્રાકૃતિક કૃષિ તરફ વળે તે માટેનું આયોજન કરવા જણાવ્યું હતું. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિ વેચાણ વ્યવસ્થા તેમજ મોડલ ફાર્મ બાબતે અને નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ બાબતે પણ જરૂરી સુચનો કર્યા હતા.

આ બેઠકમાં આત્મા પ્રોજેક્ટ ડાયરેક્ટર શ્રી તેજલબેન શેઠે પ્રાકૃતિક કૃષિ અભિયાન અંતર્ગત એપ્રિલ ૨૦૨૫ સુધી થયેલી કામગીરીની વિગતો રજૂ કરી હતી.



આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી સમક્ષ પ્રાકૃતિક કૃષિના ખેત પેદાશ વેચાણ કેન્દ્રો બાબતે, નેશનલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ અને ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ અંતર્ગત ફાળવેલ જિલ્લા અને તાલુકામાં લક્ષ્યાંક બાબત, વિસ્તરણ કાર્યક્રમની તાલીમ બાબત, કૃષિ સખીની તાલીમ બાબત, પાંચ ગ્રામ પંચાયત દિઠ ક્લસ્ટર બેઝ તાલીમ કૃષિ અન્વયે થયેલ કામગીરીનો વિગતવાર રિપોર્ટ, મોડેલ ફાર્મ તૈયાર કરવા બાબતે તેમજ 'આત્મા' કચેરી દ્વારા નેચરલ મિશન ઓન નેચરલ ફાર્મિંગ દ્વારા દ્વારા કરવામાં આવતી કામગીરી બાબતે પણ ચર્ચા કરવામાં આવી હતી.

આ બેઠકમાં જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી અનીષભાઈ ભટ્ટ,નાયબ ખેતી નિયામકશ્રી, નાયબ બાગાયત નિયામકશ્રી, કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વૈજ્ઞાનિક, આત્મા, ડી.આર. ડી. એ. અને સહકાર વિભાગના અધિકારી તેમજ સંબંધિત વિભાગના અધિકારી કર્મચારીઓ સહિત પ્રાકૃતિક ખેતી કરતા અગ્રણી ખેડૂત ઉપસ્થિત રહ્યા હતા.

## પાલનપુરમાં ૧૦૮ એમ્બ્યુલન્સ સ્ટાફની ઈમાનદારી

## અકસ્માતગ્રસ્ત દર્દી પાસેથી મળેલા લેપટોપ, ફોરેન કરન્સી સહિત તમામ સામાન હોસ્પિટલમાં જમા કરાવ્યો

(ગરવી તાકાત) પાલનપુર તા.૧૫

પાલનપુર નજીક શેરપુરા પાટીયા પાસે એક ગંભીર અકસ્માત સર્જાયો. એક લકઝરી બસ ઊભેલી ટ્રક સાથે અથડાઈ. ૧૦૮ એમ્બ્યુલન્સના ઈએમટી લલિત પરમાર અને પાયલોટ ભરત પ્રજાપતિની ટીમ તુરંત ઘટનાસ્થળે પહોંચી ગઈ.

ઘટનાસ્થળે એક વ્યક્તિ બેભાન હાલતમાં મળી આવી. તેની પાસેથી કિંમતી સામાન મળ્યો હતો. જેમાં એક લેપટોપ, બે મોબાઈલ ફોન, ચેઈન અને વીંટી હતા. આ ઉપરાંત ૨૦૦ પાઉન્ડ (લગભગ ૨૨,૬૭૪ રૂપિયા) અને ૩૦૦ ડોલર (લગભગ ૨૫,૫૦૦ રૂપિયા) તેમજ ૧,૩૨૦ રૂપિયા રોકડા મળ્યા. વ્યક્તિના પાસપોર્ટ, ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડ પણ મળી આવ્યા.



૧૦૮ની ટીમે ઘાયલ વ્યક્તિને તાત્કાલિક પ્રાથમિક સારવાર આપી પાલનપુર સિવિલ હોસ્પિટલમાં દાખલ કર્યો. ટીમે તેમની પાસેથી મળેલો તમામ સામાન અને રોકડ રકમ હોસ્પિટલના સિક્યુરિટી સ્ટાફને સોંપી દીધા. ૧૦૮ એમ્બ્યુલન્સ સેવા ગુજરાત સરકારની નિઃશુલ્ક સેવા છે, જે ૨૪ કલાક લોકોની સેવામાં કાર્યરત રહે છે.

## ગુજરાત સરકારનો વધુ એક નાગરિક હિતલક્ષી નિર્ણય..

## રાજ્યના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સહાય પૂરી પાડવા માટેની આવક મર્યાદામાં વધારો કરાયો :ઋષિકેશ પટેલ

### ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ કાયદો-૧૯૯૭ની કલમ-૨૦માં સુધારો કરીને સહાય મેળવવા માટે આવક મર્યાદા રૂ.૧ લાખથી વધારીને રૂ.૩ લાખ કરાઇ

(ગરવી તાકાત) ગાંધીનગર તા.૧૫

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ખાતે રાજ્ય મંત્રી મંડળની બેઠક મળી હતી. આ બેઠકમાં લેવાયેલા મહત્વપૂર્ણ નિર્ણય અંગે પ્રેસ-મીડિયાને માહિતી આપતા પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, ભારતના બંધારણમાં મફત અને સક્ષમ કાનૂની સહાયને દેશના પ્રત્યેક નાગરિકનો અધિકાર ગણવામાં આવ્યો છે. ગુજરાતના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓનો અધિકાર પ્રાપ્ત થાય તે દિશામાં આજે રાજ્ય સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે.



નિર્ણય અંગે વિગતવાર માહિતી આપતા પ્રવક્તા મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, સમાજના નબળા વર્ગોને મફત અને સક્ષમ કાનૂની સેવાઓ પૂરી પાડવા માટે કાનૂની સેવા સત્તામંડળોની રચના કરવાના હેતુસર ધ લીગલ સર્વિસ ઓથોરીટી-૧૯૮૭ અનુસાર ગુજરાત રાજ્ય કાનૂની સેવા સત્તામંડળ-૧૯૯૭નો કાયદો હાલ ગુજરાતમાં અમલી છે. આ કાયદાની કલમ-૧૨ મુજબ અનુસૂચિત જાતિ અથવા અનુસૂચિત જનજાતિના સભ્ય, મહિલા, બાળક, દિવ્યાંગ અને ઔધ્યોગિક કામદાર સહિત નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિને મફત અને સક્ષમ કાનૂની સહાય મળવાપાત્ર છે.

આ કાયદાના નિયમ-૨૦ મુજબ નિર્ધારિત આવક મર્યાદા કરતાં ઓછી આવક ધરાવતા વ્યક્તિને સુપ્રીમ કોર્ટ સિવાય અન્ય કોઈપણ કોર્ટ સમક્ષ કેસ દાખલ કરવા અથવા બચાવ કરવા માટે કાનૂની સેવાઓનો હક મળે છે. સમયાંતરે આવક અને મોંઘવારી વધતાં વર્ષ ૨૦૧૨માં નિયમ-૨૦માં સુધારો કરીને રાજ્ય સરકાર દ્વારા કાનૂની સહાય મેળવવા માટેની વાર્ષિક આવક મર્યાદા વધારીને રૂ. એક લાખ કરી હતી. રાજ્યમાં નબળા વર્ગના મહત્તમ નાગરિકોને મફત અને સક્ષમ કાનૂની સેવાનો લાભ મળી રહે તે માટે ફરી એકવાર આ જોગવાઈમાં સુધારો કરીને આજે કેબિનેટ બેઠકમાં આવક મર્યાદાને વધારીને રૂ. ત્રણ લાખ કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે, તેમ મંત્રી શ્રી પટેલે ઉમેર્યું હતું.

આ સુધારા થી સમાજના બહોળા વર્ગને કાનૂની સેવા મફતમાં પ્રાપ્ત થશે અને જન સમુદાયને પોતાના હકોના રક્ષણ માટે કાનૂની ઉપચારો સરળતાથી પ્રાપ્ત થશે, તેમ પણ તેમણે ઉમેર્યું હતું.

## એકઝીક્યુટીવી મેજીસ્ટ્રેટ સાહેબ વાવની કોર્ટમાં

જન્મ-મરણ નોંધણી/એસ.આર.નં.૮૭/૨૦૨૫

અરજદાર : શ્રી અરજણભાઈ દેવજીભાઈ દરજી
રહે. દૈયપઢાંણી, તા. વાવ, જિ. બ.કાં.

વિરૂધ્ધ

સામાવાળા : જન્મ/મરણ નોંધણી અધિકારીશ્રી-વ-તલાટી કમ મંત્રીશ્રી, દૈયપ, તા.વાવ

અરજ : જન્મ-મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ની કલમ-૧૩(૩) અન્વયે મરણની નોંધણી કરવા બાબત.

॥ જાહેર નોટીસ ॥

આથી લાગતાં વળગતાઓને આ નોટીસથી જાણ કરવામાં આવે છેકે, બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના દૈયપઢાંણીના રહીશ અને આ કામના અરજદારશ્રી ના માતાશ્રી સ્વ. રૂડીબેનનો મરણ તા. ૧૦/૦૫/૧૯૯૭ના રોજ દૈયપઢાંણી મુકામે ઘરે થયેલ છે. જેની નોંધણી સામાવાળાની સંસ્થામાં જે તે વખતે અજ્ઞાનતાને કારણે શરતચુકથી રહી ગયેલ હતી. જેથી મરણની નોંધણી હુકમની જરૂર હોઈ અત્રેની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. આથી જાહેર જનતાને જણાવવામાં આવે છેકે, સદરહું મરણ નોંધણી બાબતે કોઈ ઈસમને તકરાર કે વાંધો હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં મુદત તા. ૦૫/૦૬/૨૦૨૫ના રોજ બપોરના ૧૧-૦૦ કાલકે હાજર રહેવું. અન્યથા અરજી સંદર્ભે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જની નોંધ લેશો.

આજ રોજ તા.૦૫ માહે. મે-૨૦૨૫ના રોજ મારી સહી તથા સિક્કો કરેલ છે.

સહિ/-
(કે.એચ. વાઘેલા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વાવ

## સંક્ષિપ્ત સમાચાર



(ગરવી તાકાત) મહેસાણા તા.૧૫

આજરોજ ગોકુલ વિહાર બંગલોઝ અને ક્રિષ્ના સોસાયટી માં કુલ ચાર બાંકડા ની ફાળવણી માટે નરેન્દ્ર મોદી દ્વારા સ્થપાયેલ 'મિશન ન્યુ ઈન્ડિયા' ના ગુજરાત પ્રદેશ પ્રવક્તા એડવોકેટ હર્ષદકુમાર વસંતલાલ ઓઝા દ્વારા મહેસાણા વિસ્તારના લોકલાડીલા ધારાસભ્ય શ્રી મુકેશભાઈ પટેલ સાહેબને આવેદનપત્ર આપી રજૂઆત કરેલ છે. મુકેશભાઈ પટેલ દ્વારા ખૂબ જ જલ્દી બાંકડા ની ફાળવણી કરી આપવા ની ખાતરી આપેલ છે.

### કડીના યોગાશન ચેમ્પિયન એંજલ પટેલ ને બિરદાવતા રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ

(ગરવી તાકાત) કડી તા.૧૫

તાજેતરમાં મલેશિયા ખાતે યોજાયેલ ૧૬મી વર્લ્ડ યોગાશન ચેમ્પિયનશીપ ઓફ યોગાશન સ્પોર્ટ્સમાં કડીના રહેવાસી મૂળ કાંઝ ગામના તાલુકો દેત્રોજના એંજલ રાકેશભાઈ પટેલ ૯ થી ૧૧ વર્ષ કેટેગરીમાં ગોલ્ડ મેડલ ( વિશ્વમાં પ્રથમ નંબર) મેળવવા બદલ ગુજરાતના યશસ્વી મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા શુભેચ્છા પત્ર દ્વારા શુભેચ્છા આપી વ્યક્તિગત અભિનંદન આપવામાં આવ્યા...યોગ આપણું શરીર, મન અને આત્માને સાથે જોડે છે. યોગ દ્વારા આપણે શારીરિક તંદુરસ્તી મેળવી શકીએ છીએ, અને મનની શાંતિ પણ અનુભવીએ છીએ. યોગના નિયમિત અભ્યાસથી શરીરમાં સ્ફૂર્તિ અને શક્તિ આવે છે. તેમજ, ધ્યાન અને પ્રાણાયામ દ્વારા ચિંતા, ડિપ્રેશન અને તણાવથી મુક્તિ મળે છે. વર્તમાન દોડાદોડી અને યંત્રવત્ સમયમાં મનુષ્યને શારીરિક સ્વાસ્થ્ય સાથે માનસિક સ્વાસ્થ્યની પણ ખૂબ જરૂર છે ત્યારે દીકરી એંજલ શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય માટે ઉપયોગી એવા યોગમાં સિદ્ધિ મેળવી પોતાના પરિવાર, સમાજ તેમજ રાષ્ટ્રનું નામ રોશન કરી સમાજની અન્ય દીકરીઓ માટે પ્રેરણાસ્ત્રોત બનેલ છે માનનીય મુખ્ય મંત્રી દ્વારા દીકરી એંજલને વધુ પ્રગતિ માટે માટે તેમજ અન્ય દીકરીઓ માટે પ્રેરણા સ્ત્રોત બનવા બદલ શુભકામનાઓ પાઠવી હતી અને પોતાના મૃદુભાષી સ્વભાવ મુજબ દીકરી એંજલ તેમજ તેની ટીમને ભવિષ્યમાં કોઈપણ મદદની જરૂર પડે તો સરકાર દ્વારા પૂરેપૂરી મદદની ખાતરી આપી હતી..



### રાજકોટ - અમદાવાદ હાઇવે પરથી ઝડપાઇ નશાની હેરાફેરી, કરોડોનો દારુનો જથ્થો જપ્ત કરાયો

અમદાવાદ,તા.૧૫

રાજ્યમાં અવારનવાર નશાકારક પદાર્થનો જથ્થો ઝડપાયો છે. ત્યારે રાજકોટ-અમદાવાદ હાઈવે પરથી દારુનો જથ્થો ઝડપાયો છે. મળતી માહિતી અનુસાર એલપીજી ટેક્રરમાં દારુનો જથ્થો છુપાવીને લઈ જવાતો હતો. ત્યારે એલસીબીએ બાતમીના આધારે ટેક્રરના ચોરખાનામાંથી દારુનો જથ્થો જપ્ત કર્યો હતો. ટેક્રર સહિત રુપિયા ૧.૬૫ કરોડનો મુદ્દામાલ જપ્ત કરાયો છે. રાજસ્થાનથી કચ્છના મુદ્રા ખાતે દારુનો જથ્થો લઈ જવાતો હતો. પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ઉલ્લેખનીય છે કે આ પ્રકારની ઘટના અવારનવાર થતી હોય છે. રાજકોટ-અમદાવાદ હાઈવે પર એલપીજી ટેક્રરમાં દારુ સંતાડીને લઈ જવાતો હતો ત્યારે પોલીસે દરોડા પાડ્યા હતા. જેમાં પોલીસે કરોડો રુપિયાનો દારુનો જથ્થો જપ્ત કર્યો હતો. આ સાથે જ એક આરોપીની ધરપકડ કરી હતી.

બીજી તરફ અમદાવાદ એરપોર્ટ પરથી ૩૭ કરોડનો હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો ડીઆરઆઈએ ૩૭ કિલો જેટલો હાઈબ્રીડ ગાંજો જપ્ત કર્યો હતો. બેંગકોકથી આવેલા ૪ ભારતીય પ્રવાસીઓ પાસેથી ગાંજો ઝડપાયો હતો. ખાણીપીણીનાં પેકિંગમાં હાઈબ્રીડ ગાંજાની હેરફેર કરતા હોવાનું સામે આવ્યું હતું.આ અગાઉ ૨૦ એપ્રિલ પણ અમદાવાદ એરપોર્ટ ઉપર ૧૭ કિલોહાઈડ્રોપોનિક ડ્રગ્સ એટલે કે હાઈબ્રીડ ગાંજો ઝડપાયો હતો. છેલ્લા ૧૦ દિવસમાં બીજીવાર અમદાવાદ આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર માદક પદાર્થની હેરાફેરીનો પર્દાફાશ થયો હતો.

### કચ્છના આહિર સમાજનો નિર્ણય, દાગીનાથી માંડીને પ્રિ-વેડિંગ પર પ્રતિબંધ, લગ્નમાં ખોટા ખર્ચ પર કાપ

ભુજ,તા.૧૫

આજકાલ સોશિયલ મીડિયાના કારણે એકબીજાનું જોઈને દેખાડા કરવાનું વધી ગયું છે. એવામાં લગ્ન પ્રસંગમાં પણ લોકો સોશિયલ મીડિયામાં વાઈરલ થઈ જવાની લાલસાએ લાખો-કરોડોનો ખર્ચ કરતા જોવા મળે છે. એટલું જ નહીં પરંતુ, આ ખર્ચ માટે આખો પરિવાર દેવામાં ડૂબી જાય છે અને પછી આખી જિંદગી તેમાંથી બહાર નથી આવી શકતા. આવી પરિસ્થિતિને ધ્યાને લઈને કચ્છના લોડાઈ પ્રાથરીયા આહીર સમાજ દ્વારા લગ્નન પ્રસંગના ખર્ચને લઈને નિર્ણય લેવામાં આવ્યો છે.સમાજ દ્વારા લગ્ન પ્રસંગમાં માતા-પિતાના માથે ભારણ ન વધે તે માટે સોનાના દાગીનાની લેતી-દેતી પર પ્રતિબંધ લાદવામાં આવ્યો છે. સમાજમાં નિર્ણય લેવાયો કે, હાલ સોનાના ભાવ આસમાને છે અને આવા સંજોગોમાં દરેકને સોનાની લેતી-દેતી પરવડતી નથી. વ્યવહાર અને રીત-રિવાજોના ચક્કરમાં કોઈ પરિવાર આર્થિક રીતે ભાંગી ન પડે તે માટે આ નિર્ણય લેવાયો છે. આ સિવાય લોડાઈ પ્રાથરીયા આહીર સમાજમાં આ ઉપરાંત પણ બીજા અનેક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યા છે. જેમાં જમણવારમાં ૬ થી વધુ વાનગીઓ રાખવા પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. જે પણ વ્યક્તિ ૬ થી વધુ વાનગી રાખશે તો ૨.૫૧ લાખનો દંડ કરવામાં આવશે. તેમજ હલ્દી, મ્હેંદી તેમજ પ્રિ-વેડિંગ જેવી સેરેમની પર પણ પ્રતિબંધ લાદવામાં આવ્યો છે.

Volume : 11 Issue : 32 Owner, Publishers, Printer & Editor : Prakashbhai R. Chaudhary, At: 5, Sarsavati Society, Nagalpur Highway Road, Mehsana- (N.G) 384002
Place Of Publication : 9, Ambica Complex, S.T. Work Shop Road Near Bhamriya Nala, Didtrict Mehsana • Printed at : GARVI TAKAT OFFSET-5, Ambika Complex, T.B. Road, Mehsana- 384002